મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G T NEWS ગરવી તાકાત LIVE

૧૧-૦૬-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૫૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## પોલીસની આબરૂને લાંછન લાગી જાય તેવી પોલીસના વહીવટદારની હરકતોની જિલ્લામાં ચર્ચા

# મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષક ‘રાઝ’ ભલે છુપાવે પણ ઉચ્ચકક્ષાએથી તપાસ થાય તો જયસિંહની પોલ ખુલી જશે!

**બે નંબરી ધંધાઓએ જિલ્લાને બરબાદીના માર્ગે ધકેલ્યો, એસપીના વિશ્વાસુ જયસિંહની ગેરકાયદે પ્રવૃત્તિઓની ચર્ચા**

**જિલ્લામાં નશીલા પદાર્થો, સટ્ટો, જુગાર અને ડબ્બા ટ્રેડિંગની બોલબાલા, નિષ્પક્ષ તપાસની માંગ સાથે લોકોમાં રોષ**

**તરુણ દુગલના વહીવટદાર જયસિંહ પર ગેરકાયદે ધંધાઓને પ્રોત્સાહન આપી અનેક પરિવારોને આર્થિક રીતે ખોખરા કરવાના ગંભીર આરોપો**

**જયસિંહ નશીલા પદાર્થો, ડબ્બા ટ્રેડિંગ, સટ્ટો અને જુગાર જેવા ધંધાઓને ખુલ્લી છૂટ આપી, પોતાના અને ઉપરી અધિકારીઓના ખિસ્સા ભરવાનું કામ કર્યાનીચર્ચા**





(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

ગુજરાતના મહેસાણા જિલ્લામાં પોલીસ વિભાગની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે. જિલ્લા પોલીસ અધિક્ષક તરુણ દુગલના વિશ્વાસુ વહીવટદાર જયસિંહ પર બે નંબરી ધંધાઓને પ્રોત્સાહન આપવાના આરોપો લાગ્યા છે, જેના કારણે જિલ્લા પોલીસની આબરૂ દાવ પર લાગી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, જયસિંહ જિલ્લાના મહેસાણા, વિસનગર, ઉંઝા, કડી જેવા મહત્વના તાલુકાઓમાં નશીલા પદાર્થોનું વેચાણ, ડબ્બા ટ્રેડિંગ, સટ્ટો અને જુગાર જેવા ગેરકાયદે ધંધાઓને ખુલ્લી છૂટ આપી છે. આના બદલામાં તે નિયમિત રકમ ઉઘરાવીને પોતાનું અને પોતાના ઉપરી અધિકારીઓનું ઘર ભરી રહ્યો હોવાનો આક્ષેપ છે.

આ ગેરકાયદે પ્રવૃત્તિઓએ જિલ્લાના અનેક પરિવારોને આર્થિક રીતે બરબાદ કરી નાખ્યા છે. નશીલા પદાર્થોના વેચાણથી યુવાનો વ્યસનના રવાડે ચઢ્યા છે, જ્યારે સટ્ટો અને જુગારની લતે અનેક ઘરોની આર્થિક સ્થિતિ ખરડાઈ છે. ડબ્બા ટ્રેડિંગના નામે નાના રોકાણકારોના નાણાં ડૂબી ગયા છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે જયસિંહની આ કામગીરી એસપી તરુણ દુગલના આશીર્વાદ વગર શક્ય નથી. પોલીસ વિભાગના આંતરિક સૂત્રોનું માનીએ તો, જયસિંહ ની પડદા પાછળની કામગીરીની ચર્ચા પોલીસ બેડામાં પણ ગુંજી રહી છે. એક વરિષ્ઠ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું, “જયસિંહની કામગીરીની નિષ્પક્ષ તપાસ થાય તો મોટા અધિકારીઓ સહિત અનેક કર્મચારીઓના કાળા ચિઠ્ઠા બહાર આવી શકે છે.” આવી તપાસ માટે

### અધિકારીઓની જવાબદારી અને પારદર્શિતા

**આરોપોમાં જયસિંહ ની કથિત કામગીરીને એસપી તરુણ દુગલના રક્ષણ હેઠળ ચલાવવામાં આવે છે તેવું કહેવાયું છે. આવા કિસ્સાઓમાં ઉચ્ચ અધિકારીઓની જવાબદારી નક્કી કરવી જરૂરી બની હોવાની પણ ચર્ચા થઈ રહી છે....**

### આરોપોની ગંભીરતા અને તપાસની જરૂરિયાત

**જયસિંહ વિરુદ્ધ લાગેલા આરોપો, જેમાં નશીલા પદાર્થો, સટ્ટો અને જુગાર જેવા ગેરકાયદેસર ધંધાઓને પરવાનગી આપવાનો સમાવેશ થાય છે, અત્યંત ગંભીર છે. આવા આરોપો પોલીસ વિભાગની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે, અને તેની નિષ્પક્ષ તપાસ રેન્જ આઈજી, મુખ્યમંત્રી કે ગૃહમંત્રી દ્વારા કરાવવી જરૂરી છે.**

### નાગરિકોની આર્થિક હાનિ અને સામાજિક અસર

**આરોપો અનુસાર, જયસિંહ ની કથિત પરવાનગીથી ચાલતા ગેરકાયદેસર ધંધાઓથી અનેક પરિવારો આર્થિક રીતે પાયમાલ થયા છે. આવા ધંધાઓથી સમાજમાં નશાખોરી અને ગરીબી જેવી સમસ્યાઓ વધી શકે છે, જેની તપાસ અને રોકથામ આવશ્યક છે.**

### પોલીસ વિભાગની પ્રતિષ્ઠા પર પ્રશ્નચિહ્ન

**જો આ આરોપો સાચા હોય, તો જયસિંહ અને તેના ઉપરી અધિકારીઓની કથિત સંડોવણીથી મહેસાણા જિલ્લા પોલીસની વિશ્વસનીયતા અને નૈતિકતા પર ગંભીર પ્રશ્નો ઉભા થાય છે. આનાથી જનતાનો પોલીસ પરનો ભરોસો ઘટી શકે છે.**

મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને રેન્જ આઈ.જી.ને ગુપ્ત રીતે પગલાં લેવાની માગ ઉઠી રહી છે.

સ્થાનિક લોકોમાં પણ આ મામલે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. એક વેપારીએ જણાવ્યું, “જયસિંહ ગેરકાયદે ધંધાઓએ અમારા પરિવારોને બરબાદ કરી નાખ્યા. પોલીસ આ બધું જાણે છે, પણ કોઈ પગલાં લેતું નથી.” અન્ય એક નાગરિકે કહ્યું, “જો નિષ્પક્ષ તપાસ થાય તો જયસિંહ અને તેના સાથીઓની હાય ઉભરો બનીને બહાર આવશે.”

આ મામલે રેન્જ આઈ.જી. અને રાજ્ય સરકાર દ્વારા ગુપ્ત તપાસની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. જો આવી તપાસ થશે, તો મહેસાણા જિલ્લા પોલીસ વિભાગમાં મોટા ફેરફારો થવાની શક્યતા છે.

નિષ્પક્ષ તપાસ થાય તો જયસિંહ ની સાથે તેના ઉપરી અધિકારીઓ અને અન્ય સંડોવાયેલા કર્મચારીઓ પણ સપડાઈ શકે છે, જેનાથી જિલ્લાની પોલીસ વ્યવસ્થાને ઝટકો લાગી શકે છે.

## પોલીસ વિભાગમાં પણ જયસિંહની પડદા પાછળની કામગીરીની તપાસની માંગ ઉઠી

---

## કડી વિધાનસભા વિસ્તારની વિવિધ શાળાઓમાં રંગોળી સ્પર્ધા યોજાઈ

# વિદ્યાર્થીઓએ ‘લોકશાહીનું પર્વ’, ‘આપણો મત, આપણો અધિકાર’જેવા જુદા જુદા સૂત્રો દર્શાવતી રંગોળીઓ બનાવી

**રંગોળી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મતદાન જાગૃતિ અંગે સંદેશો આપ્યો**






(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

૨૪-કડી (અ.જા.) વિધાનસભા પેટા ચૂંટણી માટે તા. ૧૯ જૂનના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા રોજબરોજ સ્વીપ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે, જે અંતર્ગત કડી વિધાનસભા વિસ્તારની વિવિધ શાળાઓમાં રંગોળી સ્પર્ધા યોજાઈ હતી.

કડી તાલુકાની વિદ્યાવિહાર હાઈસ્કુલ, ઘુમાસણ અને જે.પી. સર્વોદય ઉત્તર બુનિયાદી વિદ્યાલય, જાદવપુરા ખાતે યોજાયેલ રંગોળી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મતદાન જાગૃતિ અંગે સંદેશો આપ્યો હતો. વિદ્યાર્થીઓએ ‘લોકશાહીનું પર્વ‘, ‘આપણો મત, આપણો અધિકાર‘ અને ‘મતદાન મારો અધિકાર, મતદાન કરો‘ જેવા જુદા જુદા સૂત્રો દર્શાવતી રંગોળીઓ બનાવી હતી. રંગોળી થકી મતદાન જાગૃતિના પ્રેરણાત્મક પ્રયાસે સૌ કોઈને આકર્ષિત કર્યા હતા.

### કડીના આશાવર્કરનો કાર એક્સિડન્ટ : આરોગ્ય મંત્રીએ હોસ્પિટલમાં મુલાકાત લીધી

(ગરવી તાકાત) કડી તા.૧૦

કડી તાલુકાના વણસોલ ગામના આશાવર્કર કંચનબેન સેનમા અકસ્માતને કારણે કોમામાં છે. અકસ્માતમાં ૪૨ વર્ષીય કંચનબેનને માથાના ભાગે ઈજાઓ થઈ હતી. તેમને કડીની ભાગ્યોદય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. છેલ્લા ૧૫ વર્ષથી આશા વર્કર તરીકે સેવા આપતા કંચનબેનની સ્થિતિ નાજુક છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સોમવારે કડી ખાતે ભાજપના કાર્યકર્તા સંમેલનમાં હાજર હતા. તેમને આ ઘટનાની જાણ થતાં તેઓ ભાગ્યોદય હોસ્પિટલ પહોંચ્યા હતા. મંત્રીએ કંચનબેનના પરિવારજનો અને ડૉક્ટરો સાથે વાતચીત કરી હતી. તેમણે દર્દીને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની સૂચના આપી છે.

## 3 ગાડીઓ સહિત કુલ ૪૩ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો

# મહેસાણા બાયપાસ સર્કલ નજીક એસએમસીએ ૧૯.૧૬ લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપ્યો



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

મહેસાણાના નુગર બાયપાસ સર્કલ નજીક સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે મોટી કાર્યવાહી કરી છે. ટીમે દરોડા દરમિયાન ૧૯.૧૬ લાખની કિંમતનો વિદેશી દારૂ જપ્ત કર્યો છે. આ ઉપરાંત ૩ ગાડીઓ સહિત કુલ ૪૩ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે રાજસ્થાનના વિવિધ વિસ્તારોમાંથી દારૂનો જથ્થો મહેસાણા લવાઈ રહ્યો છે. આ દારૂ મહેસાણાના રાલીનગરમાં રહેતા નિકુલ ઠાકોરને પહોંચાડવાનો હતો. પોલીસની કાર્યવાહી દરમિયાન ચૌહાણ ઉપેન્દ્રસિંહ અને દેવાસી વસનરામને પકડી પાડવામાં આવ્યા છે. દરોડા દરમિયાન ૧૩ આરોપીઓ પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયા હતા. સમગ્ર મામલે મહેસાણા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.




# સાચાને સાચું કહેનારા શશિ થરૂર

શું તમે કોઈ જૂની રાષ્ટ્રીય પાર્ટીનું નામ કહી શકો, જેના કાર્યકર્તાઓએ પોતાની જ પાર્ટીના સત્તાવાર ઉમેદવારનું પૂતળું બાળ્યું હોય અને તેને હારતાં જોવા માટે આકરી મહેનત કરી હોય? શું તમે કોઈ એવી રાજકીય પાર્ટીનું નામ કહી શકો, જેના સાંસદે પોતાના દસ મિનિટ લાંબા અને બિન્ધાસ્ત ઓક્સફર્ડ યુનિયન ભાષણથી શક્તિશાળી બ્રિટિશ રાજનીતિ, શિક્ષણ અને મીડિયાને હચમચાવી દીધું હોય, જેમાં તેમણે અંગ્રેજી હકૂમત દ્વારા વ્યવસ્થિત રૂપે કરાયેલા અકથનીય અન્યાય અને કુકૃત્યો અને તેની નીતિઓથી જન્મેલા દુકાળ અને આર્થિક દરિદ્રતાના દુષ્ચક્રને ઉજાગર કર્યું અને સાર્વજનિક રૂપે માફી અને ક્ષતિપૂર્તિની માંગ કરી હોય, જેને છ કલાકમાં લગભગ ૭૦ લાખ લોકોએ પસંદ કર્યું? તેમના આ કાર્યની દેશના વડાપ્રધાન સહિત પાર્ટી લાઇનથી ઉપર ઊઠીને નેતાઓએ પ્રશંસા કરી, પરંતુ ખુદ તેમની પાર્ટી એના પર ચૂપકિદી સાધી રહે?

શું તમે કોઇ એવી રાષ્ટ્રીય પાર્ટીનું નામ જણાવી શકો જેના સાંસદે ૨૬ પુસ્તકો લખ્યાં હોય, જેમાંથી મોટાભાગના આંતરરાષ્ટ્રીય સ્તર પર બેસ્ટસેલર રહ્યાં હોય, જેની અઠવાડિક કોલમ ભારત અને વિદેશમાં બે ડઝનથી વધુ પ્રકાશનોમાં છપાતી હોય અને જેના પુસ્તક ‘એન એરા ઓફ ડાર્કનેસ’એ તેમને પ્રતિષ્ઠિત સાહિત્યનો પુરસ્કાર અપાવ્યો. જેમની વાદ-વિવાદ અને ભાષણ કલા સેન્ટ સ્ટીફન્સ કોલેજના દિવસોથી એવી રહી છે, જેના વિશે કહાનીઓ કહેવાય છે, પરંતુ તેમને પાર્ટીના સત્તાવાર પ્રવક્તા રૂપે રાખવા માટે પૂરતા નથી માનવામાં આવતા? તિરુવનંતપુરમથી ચાર વખત સાંસદ રહેલા શશિ થરૂર સુંદર, શાલીન, સ્ટાઈલિસ અને સ્પષ્ટતાવાદી છે. સોશ્યલ મીડિયા પર પણ તેમની ખાસ્સી એવી ધૂમ છે. ટ્વિટર (હવે એક્સ) પર ભારતમાં તેમની પાસે સૌથી વધારે ફોલોઅર્સ હતા, જ્યાં સુધી શાહરૂખ ખાન, બિગ બી અને વડાપ્રધાન મોદીએ તેમને પાછળ ન છોડ્યા.

હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં તેમણે ખુલાસો કર્યો કે જ્યારે તેઓ નાના હતા, તો ઘણા બીમાર રહેતા હતા. ત્યારે ટીવી, ઈન્ટરનેટ, ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ નહિ હોવાને કારણે તેઓ પુસ્તકો વાંચવા તરફ આકર્ષિત થાય. આ તેમના પિતા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલી એક સારી આદત હતી. તેઓ ૧૯૭૮માં ૨૨ વર્ષની ઉંમરમાં ફ્લેચર સ્કૂલ ઓફ લો એન્ડ જિપ્લોમસી અને ટફ્ટ્સ યુનિવર્સિટીથી આંતરારષ્ટ્રીય સંબધોમાં પીએચડી ગ્રહણ કરનારા સૌથી નાની ઉંમરના છાત્રોમાં એક હતા. તેઓ સંયુક્ત રાષ્ટ્રમાં સામેલ થયા અને ત્યાં ૨૯ વર્ષ વિતાવ્યાં, અવર મહાસચિવ પણ બન્યા. તેમણે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ બનવાનું વિચાર્યું અને ભારતના સત્તાવાર ઉમેદવાર રૂપે આ પદ માટે ચૂંટણી લડવા માટે પોતાની દાવેદારી રજૂ કરી. પરંતુ કિસ્મત અને દુનિયાની એકમાત્ર મહાશક્તિ તેમના પક્ષમાં ન હતી. જોકે, તેમણે બીજા સૌથી વધારે વોટ મેળવ્યા, બે વિદેશ મંત્રીઓ અને એક વડાપ્રધાન કરતાં પણ વધારે!

તેઓ તિરુવંતપુરમથી પહેલી વાર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા, તો સ્થાનિક નેતા આ બહારના વ્યક્તિથી પ્રભાવિત ન હતા, પરંતુ તેમણે પોતાના કામથી ન માત્ર જનાધાર વધાર્યો, બલ્કે સતત ચાર વખત લોકસભા ચૂંટણી જીત્યા.

એકવાર ભાજપી નેતા અરુણ જેટલીએ કહ્યું હતું કે વિપક્ષનું કામ વિરોધ કરવાનું છે, પરંતુ શશિ વિપક્ષ માટે એવું નથી માનતા. તેઓ સરકારને વાજબી સવાલ પૂછવામાં ખચકાતા નથી, પરંતુ જ્યારે સરકાર કંઈક પ્રશંસનીય કામ કરે છે તો પ્રશંસા કરવામાં પણ પાછળ નથી રહેતા. સપ્ટેમ્બર ૨૦૧૪માં, તેઓ મોદીને તેમના સંયુક્ત રાષ્ટ્ર ભાષણ, ખાસ કરીને આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અપનાવવા માટે શુભેચ્છા આપનારા પહેલા લોકોમાંથી એક હતા. તેમણે મોદીના કેટલાય નિર્ણયો, ખાસ કરીને ૨૦૨૩માં જી-૨૦ શિખર સંમેલનના સફળ આયોજનની પ્રશંસા કરી છે. ત્યારતી કેટલાય લોકો કહી રહ્યા છે કે તેઓ નાવ છોડીને ભાજપમાં સામેલ થઈ જશે. ગયા મહિને તેમણે એમ કહીને અફવાઓને હવા આપી હતી કે જો પાર્ટી તેમની સેવાઓની કદરન્ નથી કરતી તો તેમની પાસે બીજા વિકલ્પ પણ છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**


**શ્રી ગૌતમકુમાર ડી.વાણીયા, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મહેસાણા (શહેર)ની કોર્ટમાં**

**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એમએજી/જન્મ મરણ નોંધણી/કેસ નં.૯૩/૨૦૨૫ તા.૧૦/૦૬/૨૦૨૫

## જાહેર નોટીસ

અરજદાર : જયંતીજી મદારજી વાઘેલા

રહે, એફ-૩૦,અક્ષરધામ ટાઉનશીપ, વિસનગર રોડ, મહેસાણા

વિરૂદ્ધ

સામાવાળા: (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/ તલાટી કમ મંત્રીશ્રી, દવાડા ગ્રામ પંચાયત, મુ. દવાડા તા.જિ.મહેસાણા

**મરણ નોંધણી :-**

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પિતાશ્રી નામે ‘મદારજી મોતીજી વાઘેલા(રાજપૂત)’ નું મરણ ‘તા.૦૯/૦૨/૨૦૦૮’ ના રોજ ગામ- દવાડા તા.જિ. મહેસાણા મુકામે થયેલ છે. પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડે દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર યા રજૂઆત હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)


### ઉત્સવ બાળકના સર્વાંગી વિકાસનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ

# જિલ્લા સહિત રાજ્યભરમાં તા. ૨૬ થી તા.૨૮ જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ રાજયકક્ષાની સમિક્ષા બેઠકમાં જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓ વીસીના માધ્યમથી જોડાયા

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૦

તારિખ ૨૬ થી ૨૮ જૂન, ૨૦૨૫ દરમિયાન શાળાની તમામ સરકારી પ્રાથમિક, માધ્યમિક, અનુદાનિત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, જ્ઞાનશક્તિ અને રક્ષાશક્તિ રેસિડેન્સિયલ શાળા સહિતની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ-૨૦૨૫ યોજાશે.




શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ-૨૦૨૫ના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ રાજય કક્ષાની સમિક્ષા બેઠકમાં સાબરકાંઠા જિલ્લા કલેકટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા સહિત સાબરકાંઠા જિલ્લાના અને રાજયભરના અધિકારીશ્રીઓ ઓનલાઇન વીસીમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ગુજરાત માટે શિક્ષણનું મહત્વ અને શિક્ષણ ક્ષેત્રે લાવવાના સકારાત્મક પરિવર્તન સહિતની બાબતોને આવરી લઈ પ્રેરક ઉદબોધન કર્યુ હતુ. શિક્ષણ મંત્રીશ્રી અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓએ શિક્ષણ વિભાગની વિવિધ યોજનાકીય સહાય અને શિક્ષણ વિભાગની નેમ, લક્ષ્યાંક અને ભાવિ આયોજનનો ચિત્તાર રજૂ કર્યો હતો.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નિતાબેન ગઢવી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કેયુર ઉપાધ્યાયે સાબરકાંઠા જિલ્લાના શાળા પ્રવેશોત્સવના આયોજનની વિગત જણાવી હતી.

આ બેઠકમાં સાંસદ શ્રીમતિ રમીલાબેન બારા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, ગ્રામ વિકાસ એજન્સિ નિયામકશ્રી પાટીદાર સહિત વિવિધ કચેરીના અધિકારીશ્રી-કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપ ‘ભાવ’ આપે તે પુર્વે ‘કિંમત’ ઘટાડી દે છે

# યુપી-ગુજરાતમાં ભાજપની સરખી ચિંતા; કેજરીવાલનું ભાવી પેટાચૂંટણી પર???

**લુધીયાણા પેટાચૂંટણી ‘આપ’ જીતે તો કેજરીવાલને રાજયસભાની બેઠક મળે! તમામ નેતાઓને કામે લગાડી દીધા**

**દિલ્હીમાં અમીત શાહ- યોગી આદીત્યનાથ ફરી મળ્યા : પ્રદેશ પ્રમુખનું કોકડું ગુચવાયું છે!**

(એજન્સી) ન્યુ દિલ્હી તા.૧૦

ગુજરાત સહિતના રાજયોના પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિમાં ભાજપની અત્યંત વિલંબથી ચાલી રહેલી પ્રક્રિયા હવે ગતિ આવ્યાના અહેવાલ છે. જેમાં ગઈકાલે દિલ્હીના ઉતરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદીત્યનાથ ગૃહમંત્રી શ્રી અમીત શાહને મળ્યા હતા.

ગુજરાતની માફક ઉતરપ્રદેશમાં પણ નવા પ્રદેશ પ્રમુખની પસંદગી માટેની પ્રક્રિયા ચાલુ છે. રાજયમાં હાલમાં જ જીલ્લા મહાનગરના પ્રમુખોની નિયુક્તિ કરવાની પ્રક્રિયા પુરી થઈ છે અને હવે પ્રદેશ સંગઠન અંગે પ્રક્રિયા થશે. ૨૦૨૭માંજ ગુજરાતની પુર્વ ઉતરપ્રદેશમાં ધારાસભા ચૂંટણી થશે.

જે રીતે લોકસભા ચૂંટણીમાં પક્ષને સહન કરવું પડયું અને અડધો અડધ બેઠકો ગુમાવવી પડી તે સ્થિતિથી અનેક ધારાસભા મતક્ષેત્રમાં ભાજપની સ્થિતિ ‘પાતળી’ હોવાનુ માનવામાં આવે છે.

ઉતરપ્રદેશમાં નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે અનેક નામ ચર્ચામાં છે. ખાસ કરીને હવે ભાજપ કોઈ દલિત નેતા પર પસંદગીનો કળશ ઢોળી શકે છે. લોકસભા ચુંટણીમાં સમાજવાદી પક્ષે યાદવ મુસ્લીમ દલીતનું સમીકરણ સફળ બનાવ્યું હતું. જો કે ચોવીસ નામ પણ ચર્ચામાં જ છે.

પશુપાલન મંત્રી ધર્મપાલસિંહ, દલિત નેતા વિદ્યાસાગર સોનકર અને વિનોદ સોનકરના નામ ઉપરાંત બ્રાહ્મણમાં પુર્વ ઉપમુખ્યમંત્રી દિનેશ શર્મા અને પુર્વ સાંસદ હરીશ દ્વીવેદી પણ આ પદ માટે પસંદગીની યાદીમાં છે.

ગુજરાતની માફક ઉતરપ્રદેશમાં પણ મંત્રીમંડળની પુનઃરચનાની લાંબા સમયથી રાહ જોવાય છે પણ એક વખત સંગઠન પ્રક્રિયા પુરી થયા બાદ જ તે હાથ ધરાશે તેવી ચર્ચા છે.



**પંજાબ પેટાચૂંટણી : ભાવી કેજરીવાલનું નક્કી થશે**

**પંજાબમાં લુધીયાણા પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટી પ્રતિષ્ઠાનો જંગ ખેલી રહી છે. પક્ષના જ ધારાસભ્યના નિધનથી આવી પડેલી આ બેઠક પર પક્ષે રાજયસભાના સાંસદ સંજીવ અરોરાને મેદાનમાં ઉતાર્યા છે. તેઓ જીતી જાય તો માન સરકારમાં મંત્રી બનશે અને તેઓની રાજયસભાની બેઠક ખાલી થાય તો તેના સ્થાને અડધી ટર્મ માટે પણ પંજાબમાંથી અરવિંદ કેજરીવાલ રાજયસભામાં જવા માંગે છે તેવી ચર્ચા છે. આથી તેઓ આ પેટાચૂંટણીમાં જોર લગાવી રહ્યા છે અને દિલ્હીથી પંજાબ બન્ને રાજયના નેતાઓને પ્રચારમાં જોડી દેવાયા છે. કોંગ્રેસના ભરત ભૂષણ એક અનામત ઉમેદવાર છે પણ પુરી કોંગ્રેસ તેની સાથે નથી.**

### ગુજરાતમાં સીનીયર સીટીઝનો માટે ખાસ સુવિધા ઉભી કરાશે

# આવાસ - આરોગ્ય અને સન્માન : દેશમાં સીનીયર સીટીઝન માટે મોડેલ બનશે ગુજરાત

ગુજરાતમાં સીનીયર સીટીઝન માટે હવે સારા દિવસો આવે તેવા સંકેત છે. ગુજરાત દેશનું એવુ પ્રથમ રાજય બનવા જઈ રહ્યું છે જે સીનીયર સીટીઝનો એટલે કે વૃદ્ધો માટે વધુ સારી આવાસ અને આરોગ્ય સુવિધા તેમજ આ વિશાળ વર્ગ પુરતા સ્વમાન સાથે પોતાની આયુ પુરી કરી શકે તે માટે ખાસ પોલીસી લાવવા તૈયારી છે.

હાલ સીનીયર સીટીઝનો માટે અલગ અલગ સંસ્થાઓ દ્વારા વૃદ્ધાશ્રમ ચલાવાય છે. પરંતુ તેનાથી સીનીયર સીટીઝનો અલગ થલગ પડી જાય છે તેના બદલે તેઓ સમાજની વચ્ચે રહીને જ પોતે વધુ સારી આવાસ અને આરોગ્ય વ્યવસ્થા સાથે રહી શકે તે માટેનો પાઈલોટ પ્રોજેકટ તૈયાર થઈ રહ્યો છે.તેમાં હાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં પણ સીનીયર સીટીઝનોને સાનુકુળ સુવિધા હશે અને રહેણાંક સુવિધા સાથે આરોગ્ય સુવિધા પણ મળી રહે તે જોવાશે. રાજયના મોટા શહેરોમાં આ માટે તબકકાવાર આયોજનો થશે.




ખાસ કરીને બિલ્ડર્સ અને ડેવલપરને જેઓ સીનીયર સીટીઝનો માટે ખાસ સરકાર નિર્ધારિત સુવિધા ઉભી કરે તો તેમને વધુ ફલોર સ્પેસ ઈન્ડેકસ (એફએસઆઈ) આપવાની પણ સરકારની યોજનાઓ છે.

આ ઉપરાંત આરોગ્ય માટે નિયમીત ચેકઅપ અને સ્થળ પર જ ફાર્મસી સેવાઓ તેમજ જરૂર પડે તો સીનીયર સીટીઝનને તેઓ જયાં રહેતા હોય ત્યાં આ પ્રકારની સુવિધા મળે તે જોવાશે.

ગુજરાત એ આ બાબતમાં એક રોલમોડેલ બનવા માંગે છે. હાલના જ એક અભ્યાસ મુજબ વધતી જતી આયુ મર્યાદાના કારણે દેશમાં વૃદ્ધોની સંખ્યા વધી રહી છે પરંતુ તેમના માટે યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ નથી.

# પટણામાં ધોળા દિવસે માતા અને પુત્રીની હત્યા, પિતા ગંભીર હાલતમાં

પટણા,તા.૧૦

પટણામાં, ગુનેગારોએ ધોળા દિવસે એક દંપતી સહિત ત્રણ લોકોને ગોળી મારી દીધી. આમાં, માતા અને પુત્રીના મોત થયા છે. ઘટના બાદ વિસ્તારમાં હોબાળો મચી ગયો હતો. આસપાસ લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. અહીં, માહિતી મળતાં જ, પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને તપાસ શરૂ કરી. આ ઘટના પટના સિટી આલમગંજ પોલીસ સ્ટેશન વિસ્તારની ન્યૂ અરફાબાદ કોલોનીમાં બની હતી.

પરિવારના સભ્યોનું કહેવું છે કે સોમવારે સવારે ગુનેગારોએ જૂની દુશ્મનાવટને કારણે ગોળીબાર કર્યો હતો. આમાં માતા અને પુત્રી સહિત ત્રણ લોકો ઘાયલ થયા હતા. પરિવારના સભ્યોએ ઘાયલોને ઉતાવળમાં નાલંદા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. અહીં ડોકટરોએ માતા અને પુત્રીને મૃત જાહેર કર્યા હતા. મૃતકોની ઓળખ નિવૃત્ત નર્સ મહાલક્ષ્મી અને તેમની પુત્રી સિંઘલી કુમારી તરીકે થઈ છે. તે જ સમયે, તેમના પતિ ઘનંજય મહેતા સારવાર હેઠળ છે.

પુત્રનો જન્મ થતાં જ પિતાનો પડછાયો ગાયબ થઈ ગયો, પરિવારના સભ્યોએ કહ્યું - પુત્રવધૂએ તેના મામાના પરિવારની મદદથી તેની હત્યા કરી.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ક્ષેત્રે કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહયોગ પણ મળશે. સાંજે થોડો વિવાદ થઈ શકે છે,

**વૃષભઃ** આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

**મિથુનઃ** આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

**કર્કઃ** સંતોષ અને શાંતિનો દિવસ છે. આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણના ફાયદા પણ મળી શકે છે. નવી ડીલ દ્વારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થવાની સંભાવના છે.

**સિંહઃ** આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક સફર પર જવું પડી શકે છે. આજે કોઈની સાથે વિવાદ થઈ શકે છે, સંયમથી કામ કરો.

**કન્યાઃ** આજે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાનો ભય રહેશે. બાળકોના શિક્ષણની સફળતા અથવા કોઈપણ સ્પર્ધામાં ઇચ્છિત સફળતાના સમાચારથી મન પ્રસન્ન રહેશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થઈ શકે છે.

**તુલાઃ** આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે, સંબંધો વધુ સારા બનશે.

**વૃશ્ચિકઃ** લોકોની આજીવિકાના ક્ષેત્રમાં આજે પ્રગતિ થઈ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

**ધનઃ** આજે આવકના નવા સ્ત્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ- સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આજે આખો દિવસ કાર્યસ્થળમાં વ્યસ્ત રહેશો.

**મકરઃ** આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં તમારા માટે તે સારું રહેશે કે તમે વિલંબ કર્યા વિના ડોક્ટરને મળો. તમારા માતા-પિતા સાથે તમારો સમય સારો રહેશે.

**કુંભઃ** આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

**મીનઃ** આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

## ફિલ્મી ગપશપ

### તેઓ ટૂંક સમયમાં પોતાના નવા ઘરમાં શિફ્ટ થશે

# બાંદરાના પાલી હિલ વિસ્તારમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટનું નવું ઘર તૈયાર



મુંબઈ, તા .૧૦

રણબીર કપૂર અને આલિયા ભટ્ટનું નવું ઘર બાંદરાના પાલી હિલ વિસ્તારમાં તૈયાર થઈ રહ્યું હતું અને હવે એ બનીને તૈયાર થઈ ગયું છે. રણબીર-આલિયાના આ નવા ઘરની કિંમત લગભગ ૨૫૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

આ પ્રોપર્ટી મૂળ રણબીર કપૂરનાં દાદા-દાદી રાજ કપૂર અને કૃષ્ણા કપૂરની હતી જે ૧૯૮૦માં રણબીરનાં માતા-પિતા રિશી કપૂર અને નીતુ કપૂરને વારસામાં મળી હતી. રણબીર અને આલિયાએ આ પ્રોપર્ટી રીડેવલપ કરી છે અને હવે ૬ માળના આ લક્ઝરી બંગલાનું બાંધકામ પૂરું થઈ ગયું છે. આવી સ્થિતિમાં તેઓ ટૂંક સમયમાં પોતાના નવા ઘરમાં શિફ્ટ થઈ શકે છે.

હાલમાં આ ઘરનો વિડિયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. આલિયા અને રણબીર દીકરી રાહા સાથે નવા ઘરના બાંધકામ દરમ્યાન ઘણી વખત ત્યાં જોવા આવ્યાં હતાં. નીતુ કપૂર પણ ઘણી વખત ત્યાં જોવા ગયાં હતાં.

રણબીર કપૂરનાં દાદી કૃષ્ણા રાજ કપૂરના નામે રાખવામાં આવેલો આ શાનદાર બંગલો માત્ર એક આલિશાન પ્રોપર્ટી નથી, એ તેમની પુત્રી રાહા કપૂર માટે ઈમોશનલ ગિફ્ટ પણ છે. એવું કહેવાય છે કે ૨૫૦ કરોડની કિંમતનો આ બંગલો ટૂંક સમયમાં રાહાના નામે રજિસ્ટર થવાનો છે.

અહેવાલ હતા કે તેઓ દિવાળી રણબીર અને આલિયા તેમના નવા ઘરમાં ઉજવણી કરશે પરંતુ તે સમયે ઘરને પૂર્ણ થવામાં સમય લાગવાનો હતો, પણ હવે મળતી માહિતી પ્રમાણે આ બંગલાનું કામ લગભગ પૂરું થઈ ગયું છે. હાલમાં ફિનિશિંગ ચાલી રહ્યું છે જે એક મહિનામાં પૂરું થઈ જશે.

કામ પૂર્ણ થયા બાદ રણબીર અને આલિયા પરિવાર સાથે ત્યાં શિફ્ટ થઈ જશે. આ વર્ષે રણબીર અને આલિયા દીકરી રાહા સાથે કદાચ નવા ઘરમાં દિવાળી મનાવશે.

## ગુજરાત શિક્ષણ વિભાગનો પરિપત્ર

# વિદ્યાર્થીનાં સ્કુલ લીવીંગ અને શાળા રજીસ્ટરમાં હવે અટક લખવી ફરજીયાત




(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૦

ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની રાજયની તમામ શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ આજથી શરૂ થયું છે. ત્યારે રાજયની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને આ વર્ષ એટલે કે જૂન ૨૦૨૫થી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર **(LC)** આપતી વખતે હવેથી અટક પાછળ લખવી ફરજિયાત રહેશે. ગુજરાત શિક્ષણ વિભાગે આ અંગે એક પરિપત્ર પણ જાહેર કર્યો છે.

શિક્ષણ વિભાગે પરિપત્ર મુજબ, રાજયમાં શાળા બદલતી વખતે વિદ્યાર્થીઓને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (ન્ઝ) આપવામાં આવે છે. ન્ઝમાં વિદ્યાર્થીના નામ, પિતા, માતાનું નામ, અટક, જન્મ તારીખ સહિતની મહત્ત્વની માહિતી નોંધવામાં આવે છે.

જ્યારે હાલ **APAAR ID** અને તેના અંતર્ગત આધારકાર્ડ સાથે બાળકોના નામ મેપિંગ કરવાની કામગીરી ચાલી રહી છે, ત્યારે જૂન ૨૦૨૫થી ન્ઝમાં વિદ્યાર્થીઓનું આખું નામ લખવામાં નામના અંતે અટકનો ઉલ્લેખ કરવાને લઈને શિક્ષણ વિભાગે સૂચન કર્યું છે.

હાલમાં **LC**માં વિદ્યાર્થીના નામ લખવાની પદ્ધતિમાં વિસંગતતા જોવા મળે છે, જેના કારણે વિદ્યાર્થીઓને પ્રવેશ, શિષ્યવૃત્તિ અને અન્ય શૈક્ષણિક પ્રક્રિયામાં મુશ્કેલી થાય છે. અપાર આઈ ડીની પ્રક્રિયા ચાલી રહી છે, જેના કારણે **LC**માં નામની ચોકસાઈ જરૂરી છે.

ગુજરાત શિક્ષણ બોર્ડે આગામી શૈક્ષણિક સત્રથી **LC**માં નામ લખવાની પદ્ધતિમાં સુધારો કરવાની સૂચના આપી છે. ન્ઝમાં સંપૂર્ણ નામ, પિતા-માતાનું નામ અને અટક સ્પષ્ટ લખવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.આમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ને ટાંકીને રાજ્યની તમામ સરકારી અને ખાનગી શાળાઓ માટે **LC**માં નામ લખવાની નિયમિતતા જાળવવા માટે સૂચના આપવામાં આવી છે.

## ટીવીએ સિનેમાની દુનિયા પર અસર કરી, હવે મોબાઇલ-ઓટીટી કેબલ ઇન્ડસ્ટ્રીઝ માટે જોખમ બન્યુ

# સાત વર્ષમાં પે ચેનલ જોનારાઓની સંખ્યા ૪ કરોડ જેટલી ઘટી : ૫.૭૭ લાખ લોકોએ નોકરી ગુમાવી

મુંબઈ, તા. ૧૦

એક તરફ ભારતીય આકાશમાં ઈન્ટરનેટની વોર શરૂ થઈ રહી છે અને બીજી તરફ ટેલીવિઝન ચેનલોમાં પણ અનેક નવા ફેરફારો થઈ રહ્યા છે તે વચ્ચે ભારતમાં એક નવા ક્રમમાં કેબલ ટેલિવિઝન સામે સંકટના વાદળો ઘેરાવા લાગ્યા છે.

ખાસ કરીને મોબાઈલ પર વધુને વધુ લોકો પોતાના મનોરંજન પર આધાર રાખતા થઈ જતા પે-ટીવી ગ્રાહકોમાં મોટો ઘટાડો થયો છે. ૨૦૧૮માં દેશમાં ૧૫.૧૦ કરોડ લોકો પેઈડ ચેનલો જોતા હતા અને ૨૦૨૪માં તે સંખ્યા ઘટીને ૧૧.૧ કરોડ ગ્રાહકોની નોંધાઈ છે અને હજુ આગામી ૪ કે ૫ વર્ષમાં ૭ થી ૮ કરોડનો ઘટાડો થાય તેવી શકયતા આ ઈન્ડસ્ટ્રીઝના નિષ્ણાંતો દર્શાવવા લાગ્યા છે જેના કારણે સીધી અસર



રોજગારી પર પડી છે.

કેબલ ટેલિવિઝનમાં છેલ્લા ૭ વર્ષમાં ૫.૭૭ લાખ લોકોની રોજગારી ગઈ છે. ખાસ કરીને કેબલ ટીવીનું ડિસ્ટ્રીબ્યુશન સતત મોંઘુ થઈ રહ્યું છે. ઓલ ઈન્ડિયા ડિજીટલ કેબલ ફેડરેશનના આંકડા મુજબ જો ટ્રેન્ડ ચાલુ રહે તો ભવિષ્યમાં ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીઝ સામે પ્રશ્ન ઉભો થઈ જશે.

બીજી તરફ ડીડીની ફ્રી ડિશ યોજના ગ્રામીણ ક્ષેત્રોમાં વધવા લાગી છે. આ ઉપરાંત મોબાઈલ પર ઓટીટીના સતત વધતા જતા ચલણના કારણે લોકોનો ટેલિવિઝન જોવાનો સમય પણ ઘટવા લાગ્યો છે.

દરમ્યાન કેબલ ટીવી અને ડિશ ટીવીએ પોતાના પેકેજના ભાવમાં મોટો વધારો કર્યો છે. હાલ સામાન્ય રીતે ટેલિવિઝનનું પેકેજ રૂા. ૪૦૦ થી ૫૦૦ પ્રતિ માસ જેવો ચાર્જ લાગે છે જેની સામે ઓટીટીના માસિક ચાર્જ ઓછા છે. ખાસ કરીને હવે રિલાયન્સ જિયો એ જે રીતે પોતાનું અલગ નેટવર્ક ઉભુ કર્યુ છે અને તેની અંદર ઓટીટી સાથે ટીવી ચેનલોને ભેળવી દીધી છે તેના કારણે કેબલ ટીવી ઈન્ડસ્ટ્રીઝ સામે મોટો પ્રશ્ન ઉભો થયો છે.

ચાર ડાયરેકટ ટુ હોમ જે ડીટીએચ તરીકે ઓળખાય છે તે ઉપરાંત ૧૦ મુખ્ય કેબલ ટીવી પ્રોવાઈડર કે જેને મલ્ટી સિસ્ટમ ઓપરેટર તરીકે ઓળખવામાં આવે છે તેની આવકમાં છેલ્લા ૭ વર્ષમાં ૧૬ ટકા જેવો ઘટાડો થયો છે અને તેમનુ માર્જીન એટલે કે નફો ૨૯ ટકા જેવો ઘટયો છે.

૨૦૧૯ના નાણાકીય વર્ષમાં તેમની કુલ આવક રૂા. ૨૫,૭૦૦ કરોડ હતી જે ૨૦૨૪ના નાણાકીય વર્ષના અંતે ઘટીને રૂા. ૨૧,૫૦૦ કરોડ નોંધાઈ છે.

દેશભરમાં અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૨૮,૧૮૧ લોકલ કેબલ ઓપરેટર છે અને તેને પણ અસર થઈ જવા લાગી છે. ખાસ કરીને આ ક્ષેત્રમાં પણ જોબમાં ૩૧ ટકા જેવો ઘટાડો થયો છે.

લોકો એક તરફ વધતા જતા ચેનલના ખર્ચા ઉપરાંત મોબાઈલ ઉપર સતત વધતુ જતુ મનોરંજન એ બંનેએ કેબલ ટીવી માટે નવું સંકટ ઉભુ કર્યુ છે. એક તબકકે ટેલિવિઝન આવતા મોટા પડદા એટલે કે સિનેમા સામે સંકટ ઉભુ થયું હોવાનું બહાર આવ્યું હતું હવે નાના પડદા એટલે કે મોબાઈલ સ્ક્રીનથી ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીઝ પણ મોટી હરીફાઈનો સામનો કરી રહી છે.

# LRD પરીક્ષા માટે GSRTC દ્વારા એક્સ્ટ્રા બસો દોડાવાશે, ૨.૪૮ લાખ ઉમેદવારો હાજર રહેવાની શક્યતા

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૦

૧૫ જૂને રાજયભરમાં આયોજિત લોકરક્ષક **(LRD)** કેડરની લેખિત પરીક્ષાને ધ્યાનમાં લઈ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ **(GSRTC)** દ્વારા ખાસ વ્યવસ્થા કરાઈ છે. રાજ્યના કુલ ૭ મુખ્ય શહેરોમાં – અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગર – પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જ્યાં અંદાજે ૨.૪૮ લાખ ઉમેદવારો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

ઉમેદવારોને સરળ પ્રવાસ સુવિધા પૂરી પાડવા માટે,



**GSRTC** દ્વારા ૧૪ અને ૧૫ જૂનના દિવસોમાં વિવિધ જીલ્લાઓમાંથી પરીક્ષા કેન્દ્રની નજીકના ડેપોમાં પહોંચવા માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. પરિવહન નિગમે દરેક ડેપો ખાતેથી અલગ ફાળવવામાં આવેલી બસ રાઉટ્સ માટે ઓનલાઈન ટિકિટ બુકિંગની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવી છે. ઉમેદવારો **http://gsrtc.in** વેબસાઈટ પરથી એડવાન્સમાં ટિકિટ બુક કરી શકશે અથવા પોતાના નજીકના ડેપો ખાતે કાઉન્ટર બુકિંગ દ્વારા સર્વિસનો લાભ લઈ શકશે. યાત્રા સંબંધિત વધુ માહિતી કે પ્રશ્નો માટે ય્જીઇ્ઝનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ ૨૪૮૭ ઉપલબ્ધ રહેશે.

**LRD** પરીક્ષાને સુચારૂ અને વ્યવસ્થિત બનાવવા માટે રાજ્ય સરકાર અને તંત્ર દ્વારા પ્રયાસો ચાલુ છે. એમાં આ પરીક્ષા દિવસે પરિવહન વ્યવસ્થાને મજબૂત બનાવવાનો નિર્ણય મહત્વપૂર્ણ સહાયરૂપ સાબિત થશે.

## સંકટ સમયે વેપારીઓ ગેરફાયદો નહિં ઉઠાવી શકે : ડુંગળીના બેફામ ભાવ વસુલવા પર લાગશે રોક

# કેન્દ્ર સરકારે ડુંગળીની ખરીદી, સ્ટોરેજ અને પરિવહન માટે ખાનગી ફર્મો સાથે કોન્ટ્રાકટ કરવાની તૈયારી કરી

નવી દિલ્હી તા.૧૦

કેન્દ્ર સરકાર ડુંગળીની ખરીદી, સ્ટોરેજ અને પરિવર્તન માટે ખાનગી ફર્મોની સાથે કોન્ટ્રાકટ કરવાની તૈયારી કરી રહી છે.

આથી સંકટ સમયે ડુંગળીના ફાવે તેવા દામ વસુલવાની પ્રથા રોકવામાં મદદ મળશે.

આ સાથે જ ગત વર્ષની તુલનામાં સરકારે આ વર્ષે ડુંગળીની ખરીદી માટે કિંમત વસુલી દરમાં ૭ ટકાનો વધારો કર્યો છે. ગત વર્ષે રવી ડુંગળીનો રિકવરી દર ૬૫ ટકા હતો.જે ૭ ટકા વધીને ૭૨ ટકા કરી દેવામાં આવ્યો છે. કિંમત વસુલી દર સારી ગુણવતાવાળી ડુંગળીની એ માત્રા છે. જે સ્ટોરેજ અને હેન્ડલીંગ બાદ વેચાણ માટે યોગ્ય ઉપલબ્ધ રહે છે. આ સાધારણ રીતે એવી રીતે સમજી શકાય છે કે ખરીદવામાં આવેલી દરેક ૧૦૦ કિલો ડુંગળીમાં ૭૨ કિલો ડુંગળી સ્ટોરેજ દરમ્યાન સડવા અંકુરિત થવા કે સંકોચાવાના કારણે થનાર નુકશાન છતાં વેચાણ યોગ્ય રહેવુ જોઈએ.

એવુ જોવામાં આવે છે કે, વેપારી ડુંગળીની ખરાબ ગુણવતાનો હવાલો આપીને તેની કિંમત વધારવાનો પ્રયાસ કરે છે. નવો દર આ રીતે ભાવ વધારવાની પદ્ધતિ પર સીધી લગામ લગાવશે આ જોગવાઈ પાંચ લાખ ટન ડુંગળીનો વધારાનો સ્ટોરેજનો ભાગ છે.

### સંકટનો ફાયદો વેપારી નહિં ઉઠાવી શકે

**આ ઉંચો રિકવરી દર આ વર્ષથી અસરમાં આવી શકે છે. આથી સંકટના સમયે ડૂંગળી બહેતર ઉપલબ્ધતા રહેશે અને સરકાર તરત હસ્તક્ષેત્રનાં માધ્યમથી કિંમતો નિયંત્રીત કરવામાં સફળ રહેશે. સાથે સાથે સંકટના સમયે બજારનો ફાયદો ઉઠાવવાનાં વેપારીઓનાં પ્રયાસોને હતોત્સાહિત કરવામાં મદદ મળશે.**

# એલચીના દાણાઓ જેવું નસીબ છે આપણું...!!સુગંધ એટલી જ ફેલાતી ગઈ જેટલું પીસાતાં ગયા.. ક્યારેક પોતા માટે તો ક્યારેક પોતાના સ્નેહી માટે...



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા


મોદીએ અગિયાર વર્ષમાં પચ્ચીસ કરોડને ગરીબીમાંથી ઉગાર્યા..આ એક નવા યુગની શરૂઆત હોવાની વાત ભાજપના રાષ્ટ્રિય અધ્યક્ષ નડ્ડાએ કરી ત્યારે સવા કરોડ ભારતીયોની આંખમાં મફત રેશનના દડ દડ આંસુ વહેવા લાગ્યા દેશમાં આજે ઝડપભેર ખાવડ વિકાસ કામો થઈ રહયા છે જેનાથી આ આઝાદ પ્રજાને સરહદના સીમાડાઓ સુધી હરખ દેખાય છે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ઈશ્વર નો અંશ જીવાત્મા અપૂર્ણ છે. જીવનમાં ચિદ્અંશ છે, પરિપૂર્ણ નથી.મનુષ્યમાં જ્ઞાન આવે છે પરંતુ તે જ્ઞાન ટકી શકતું નથી. શ્રીકૃષ્ણ પરિપૂર્ણ જ્ઞાની છે. શ્રીકૃષ્ણ સોળ હજાર રાણીઓ

સાથે વાત કરતા પણ એ જ જ્ઞાન અને દ્વારિકા વગેરેનો વિનાશ થાય છે,ત્યારે એક જ જ્ઞાન.સર્વનો વિનાશ થાય તો પણ શ્રી કૃષ્ણના આનંદનો વિનાશ થતો નથી, કારણ શ્રીકૃષ્ણ પોતે જ આનંદરૂપે છે.સત્ નિત્ય છે, ચિત્ એ જ્ઞાન છે ચિદ્ શક્તિ એટલે જ્ઞાન શક્તિ. મનુષ્ય પોતાના સ્વરૂપમાં સ્થિત નથી એટલે તેને આનંદ મળતો નથી. ઠાકોરજી સંહારને પણ પોતાની લીલા માને છે. ઉત્પત્તિ સ્થિતિ અને સંહાર એ ઠાકોરની લીલા છે.જેનું જ્ઞાન નિત્ય ટકે તેનો આનંદ મળે તે આનંદરૂપ થાય. જીવોને આનંદરૂપ થવું હોય તો તે સચ્ચિદાનંદનો આશ્રય લે.આ જીવ જ્યાં સુધી પરિપૂર્ણ થતો નથી, ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી,આનંદ મળતો નથી. સંસારનો પ્રત્યેક પદાર્થ પરિણામ માં વિનાશી હોવાથી પરિપૂર્ણ થઈ શકતો નથી. પરિપૂર્ણ સ્વરૂપ એ ભગવાન નારાયણ છે.આ નારાયણને ઓળખે અને તેની સાથે મનને જે તદાકાર બનાવે તે નારાયણ બની પરિપૂર્ણ થાય છે ત્યારે જીવનું જીવન સફળ થાય છે. જીવ જ્યાં સુધી અપૂર્ણ થાય ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. જીવ જ્યારે ઈશ્વરને મળે અને અપરોક્ષ સાક્ષાત્કાર કરે છે, ત્યારે તે પૂર્ણ થાય છે.

ઈશ્વર જ્યારે જીવને અપનાવી પોતાના સ્વરૂપનું દાન કરે છે, ત્યારે તે જીવ પૂર્ણ થાય છે. ઈશ્વર વિનાનો સર્વ સંસાર અપૂર્ણ છે. જીવ અપૂર્ણ છે એટલે તેને શાંતિ નથી. નારાયણ એ પરિપૂર્ણ છે. સાચી શાંતિ નારાયણમાં છે. નર એ નારાયણનો અંશ છે, નારાયણ ને ઓળખવાનું અને નારાયણમાં લીન થવાનું સાધન તે ભાગવત શાસ્ત્ર.

સાક્ષાત્કાર માટે શાસ્ત્રમાં અનેક ઉપાયો બતાવ્યા છે.કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ.

ઉપનિષદની ભાષા ગૂઢ છે. સામાન્ય મનુષ્ય તે સમજી શકશે નહીં. વિલાસી જીવ જ્ઞાન માર્ગથી ઈશ્વર પાસે જઈ શકે તે સંભવિત નથી. અતિ



વૈરાગ્ય વગર જ્ઞાન સફળ ન થાય. જ્ઞાનનો પાયો છે વૈરાગ્ય.એવો વૈરાગ્ય પ્રાપ્ત કરવો કઠણ છે. શુકદેવજી મહારાજને એવો વૈરાગ્ય પ્રાપ્ત થયો હતો. જન્મતાં જ તેઓએ વન તરફ પ્રયાણ કર્યું.પિતાને કહ્યું તમે પિતા નહીં અને હું પુત્ર નહીં.

વેદ ત્યાગ કરવાનું કહે છે.શાસ્ત્ર સર્વ છોડવાનું કહે છે. કામ છોડો, ક્રોધ છોડો.પરંતુ મનુષ્ય કાંઈ છોડી શકતો નથી.જે પાનસોપારી છોડી શકતો નથી તે કામ, ક્રોધ લોભ કેવી રીતે છોડી શકશે? તે ઘર કેવી રીતે છોડી શકશે? મનુષ્યને કાંઈ છોડવું નથી અને વેદાંત તો કહે છે કે બધું છોડીને ઈશ્વર પાછળ પડો, તો ઈશ્વરને ઓળખી શકો.

વેદની સમાપ્તિ ઉપનિષદમાં થાય છે, તેથી તેને વેદાંત કહે છે. અરણ્યમાં રહી સાદું અનેસાત્વિક જીવન ગાળનારને ઉપ નિષદો અધિકાર છે.આપણાજેવા સંસારમાં ફસાયેલા,સાધારણ જીવો ઉપનિષદ્ જ્ઞાન પચાવી શકશે નહીં.ત્યાગ વિના,વૈરાગ્ય વિના જ્ઞાનમાર્ગમાં સફળતામળતી નથી.વ્યાસજીને લાગ્યું કે, કળિ યુગના માનવીને જ્ઞાનમાર્ગે પરમાત્માનો સાક્ષાત્કાર થવો કઠણ છે તેથી તેમણે ભાગવતની રચના કરી છે.જે કારસુખ ભોગવે છે તે યોગાભ્યાસ કરી શકવાનો નથી. ભોગી યોગી થવા જશે તો તે રોગી થશે. જ્ઞાન માર્ગમાં જેનું પતન થાય તે નાસ્તિક બને છે. યોગમાર્ગમાં જેનું પતન થાય તે રોગી બને છે. ભક્તિમાર્ગમાં જેનું પતન થાય તે આસક્ત બને છે.

ભાગવતશાસ્ત્રની રચના કળિયુગ ના જીવોનો ઉદ્ધાર કરવા માટે કરવામાં આવી છે. અમે ઘર છોડી શકતા નથી કહેનારને ભાગવત શાસ્ત્ર કહે છે કે,નિરાશ થશો નહીં સર્વ છોડીને જંગલમાં જવાની જરૂર નથી. જંગલમાં જવાથી જ ભગવાન મળે છે તેવું નથી. ભાગવત શાસ્ત્રનો આદર્શ દિવ્ય છે.ગોપીઓએ ઘર છોડ્યું નથી. ગોપીઓ ધંધો કરતી. સ્વધર્મનો ત્યાગ કરી તેઓ વનમાં ગઈ નથી,તેમ છતાં તેઓભગવાન ને પ્રાપ્ત કરી શકી છે.ભાગવત શાસ્ત્ર માર્ગદર્શન આપે છે કે, યોગીને જે આનંદ સમાધિમાં મળે છેતે આનંદ તમે ઘરમાં રહીને મેળવી શકો છો,પણ તમારો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બનવો જોઈએ. ગોપીનો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બનેલો હતો તેમ ઘરમાં રહીને પણ ભગવાનનાં દર્શન થઈ શકેછે ગોપીઓને ઘરમાં પરમાત્મા નાં દર્શન થયાં છે.ગોપીઓ માનતી કે મારા શ્રીકૃષ્ણ હું જ્યાં જાઉં ત્યાં મારી સાથે છે. વ્રજમાં આવી ગોપીઓનાં દર્શન કરી ઉદ્ધવનો ગર્વ એવો ઊતરી ગયો હતો કે તે બોલી પડયા : આ ગોપીઓની ચરણરજને હું માથે ચડાવું છું. અરે, આ ગોપીઓએ કરેલું હરિસ્તવન તો ત્રણે લોકને પાવન કરે છે!

ગોપીઓ સર્વમાં ભગવાનને નિહાળે છે.ગોપી કહે છે આ વૃક્ષમાં લતામાં,ફળમાં મને મારા પ્રભુ દેખાય છે. મારા શ્રીકૃષ્ણ મને છોડીને ક્યાંય જતા જ નથી. ગોપીઓના ઘરમાં પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે. ભાગવતમાં બતાવ્યું છેકે ઘરમાં રહેજો,તમારો વ્યવહાર કરજો,તો પણપરમાત્મા ની પ્રાપ્તિ થઈ શકશે.ઘરમાં રહેવું એ પાપ નથી, પણ ઘરને મનમાં રાખવું એ પાપ છે. ગોપીઓની પ્રેમલક્ષણાભક્તિ એવી દિવ્ય છે કે તેમને ઘરમાં રહ્યા છતાં પ્રભુની પ્રાપ્તિ થઈ છે. ગોપી શ્રીકૃષ્ણરૂપ બની છે.એવા અલૌક્કિ ભક્તિ માર્ગનું વ્યાસ નારાયણ આ ભાગવતમાં વર્ણન કરશે અને તે ભક્તિ દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર થશે.

ભાગવત તમારો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બનાવશે.વ્યવહારઅને પરમાર્થનો સમન્વય કરી આપશે. ગૃહસ્થને ઘરમાં આનંદ પ્રાપ્ત થઈ શકે તે માટે ભાગવતની રચના કરવામાં આવી છે.

સંસારના વિષયસુખમાં વૈરાગ્ય આવે અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે તે જ ભાગવતની લીલાકથાનો ઉદ્દેશ છે. સંતનો આશ્રય કરનાર સંત બને છે. ભાગવતનો આશ્રય કરનારો ભગવાન બને છે.ભક્તિ મંદિરમાં નહીં પણ જ્યાં બેસો ત્યાં થઈ શકે.તેને માટે દેશ કે કાળ ની જરૂર નથી.ભક્તિ ચોવીસ કલાક કરવાની.ભક્તિનો કાળ અને ભોગનો કાળ એવો ભેદભાવ રાખે તે ભક્તિ કરી શકતો નથી. ભક્તિ સતત કરો.ચોવીસ કલાક બ્રહ્મસંબંધ રાખો. હંમેશા ખ્યાલ રાખો,સદા.સાવધાન કે માયા સાથે સંબંધ ન થાય.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાન થકી જીવનને હળવું ફુલ જેવું બનાવી જીવવા પ્રયત્નો કરશો તેવી આશા સહ અસ્તુ.

### ચંપાબેન રતિલાલ પટેલ ટાઉનહોલ, કડી ખાતે ચૂંટણી ફરજ પર નિયુક્ત પ્રિસાઈડિંગ ઓફિસરોની તાલીમ યોજાઈ

# વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણી ફરજ પરના પ્રિસાઈડિંગ ઓફિસરોને ચૂંટણીલક્ષી અંગે માર્ગદર્શન આપવામાં આવેલ

## પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા થીયરીની સાથો સાથ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા અપાયેલું વિસ્તૃત માર્ગદર્શન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

૨૪-કડી (અ.જા.) વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત ૧૯ જૂનના રોજ યોજાનાર મતદાનની કામગીરી સુપેરે પાર પડે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એસ.કે.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારીઓને તેમની ફરજના ભાગરૂપે તબક્કાવાર તાલીમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.



જે અંતર્ગત ચંપાબેન રતિલાલ પટેલ ટાઉનહોલ, કડી ખાતે ચૂંટણી ફરજ પર નિયુક્ત પ્રિસાઈડિંગ ઓફિસરોની તાલીમ યોજાઈ હતી. આ તાલીમ વર્ગમાં ચૂંટણી ફરજ પરના પ્રિસાઈડિંગ ઓફિસરોને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રિસાઈડિંગ ઓફિસર માટે યોજાયેલા આ તાલીમ વર્ગમાં સુપરવાઈઝરી કામગીરી બાબતે ચોકસાઇ અને સચોટતાની સાથે મતદાનની કામગીરી સરળ બની રહે તે માટે જુદા-જુદા વૈદ્યાનિક ફોર્મની વિગતો ભરવા ઉપરાંત રજીસ્ટરમાં તેની નોંધણી, મોકપોલ, મતદાન પ્રક્રિયા, પૂર્ણ થયા બાદ ઈફ્સ મશીન ફફઁછ્ સીલ કરીને તેના ડિસ્પેચીંગ સુધીની તમામ બાબતો અંગે તાલીમાર્થીઓને વિગતવાર માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા થીયરીની સાથો સાથ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ચૂંટણીમાં મતદાન વખતે મતદારે ફોટો વોટર સ્લીપની સાથોસાથ ચૂંટણીપંચે સૂચવેલ અન્ય વૈકલ્પિક દસ્તાવેજી પુરાવાઓ પૈકી કોઇ એક પુરાવો રજૂ કરવાનો રહેશે તેની પણ સમજ આપવામાં આવી હતી.

આ તાલીમમાં મતદાન પ્રક્રિયા અંગેની તાલીમ, ચૂંટણી વખતે રાખવાની થતી તકેદારી, ચૂંટણી સાથે જોડાયેલ વિવિધ મુદ્દાઓ, જોગવાઈઓથી માસ્ટર ટ્રેનર દ્વારા માહિતગાર કરાયા હતા.

આ તાલીમ દરમિયાન ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી આશિષ મિયાત્રા, કડી મામલતદારશ્રી સહિત પ્રિસાઈડિંગ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

### સ્થાનિક લોકોમાં રીંછ તેમજ દીપડાને લઈ ભયનો માહોલ છે

# બનાસકાંઠામાં એક જ દિવસમાં રીંછ અને દિપડાએ ૪ લોકો પર જીવલેણ હુમલો કર્યો

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૦

બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અને તેની આસપાસ દિવસે પણ રીંછના આંટાફેરા થતા હોય છે ત્યારે કોઈવાર રીંછ માનવ પર હુમલો કરવાની ઘટના સામે આવતી હોય છે.



જો કે, આ વખતે એક જ દિવસમાં રીંછે એક ખેડૂત પર અને દીપડાએ એક જ પરિવારના ત્રણ લોકો પર હુમલો કરી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. લોકોમાં રીંછ અને દીપડાના હુમલાને લઈ ડરનો માહોલ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બનાસકાંઠાના દાંતાના ગાજીપુરમાં ખેતરમાં કામ કરી રહેલા યુવક ખેડૂત પર રીંછે જીવલેણ હુમલો કર્યો હતો. જેને લઈ ખેડૂતને તાબડતોબ પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડયો હતો.

જ્યારે અમીરગઢના ખેમરાજિયામાં દીપડાએ એક જ પરિવારના ત્રણ લોકો પર એકાએક હુમલો કરી દીધો હતો. જેથી ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. દીપડાએ ઘરે આવીને અચાનક એક પરિવાર પર તૂટી પડયો હતો.

આ ઈજાગ્રસ્ત ત્રણ લોકોને ૧૦૮થી સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ આ ચારેય લોકો પાલનપુરની સરકારી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે સ્થાનિક લોકોમાં રીંછ તેમજ દીપડાને લઈ ભયનો માહોલ છે.

### મહિલાઓ પોતે ઉપવાસ કરી પોતાના પતિના દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કર્તા હોય છે

# ઇડરમાં આવેલ બડોલી, કાનપુર, રેવાસ, લાલપુર, બુઢિયા, સદાતપુરામાં મહિલાઓ દ્વારા વટ સાવિત્રી વ્રતની ઉજવણી

(ગરવી તાકત) ઈડર તા.૧૦

આજ ના દિવસે મહિલાઓ પોતે ઉપવાસ કરી પોતાના પતિ ના દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કર્તા હોય છે આ દિવસે આ વ્રત માં વડ અને સાવિત્રી બંને નું વિશેષ મહત્વ હોય છે પીપળા ના વૃક્ષ ની જેમ વડ ના ઝાડ નું પણ મહત્વ હોય છે એવું કહેવાય છે કે વડ માં બ્રહ્મા,વિષ્ણુ,મહેશ એમ ત્રણે દેવો નો વાસ હોય છે એટલે આની નીચે બેસી ને વ્રત પૂજન કરવા થી કે કથા સાંભળવા થી મનોકામના પૂર્ણ થાય છે આ દિવસે સાવિત્રી અને સત્યવાનની કથાનું સ્મરણ કરવા માં આવે છે.



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

મહિલા ઓ પોતાના પતિના દીધાર્યુ માટે ઉપવાસ કરી વડની પૂજા અર્ચના કરે છે. વટ સાવિત્રીનું વ્રત સૌભાગ્ય આપનારું, પતિના દીર્ઘ આયુષ્યની કામના કરનારું વ્રત છે. ભારતીય સંસ્કૃતિમાં આ વ્રત આદર્શ નારીત્વનું પ્રતિક બની ચૂક્યું છે. આમ, તો વ્રતની તિથિને લઈને લોકોના ભિન્ન ભિન્ન મત છે. પણ સામાન્ય રીતે આ વ્રત જયેષ્ઠ માસના શુક્લ પક્ષની પૂર્ણિમાના દિવસે કરવામાં આવે છે.

આ વ્રત ખાસ કરીને સૌભાગ્યવતી સ્રીઓજ કરે છે. આ દિવસે વડનું પૂજન કરવામાં આવે છે. આ વ્રતને સ્રીયો અખંડ સૌભાગ્યવતી રહેવાની મંગલકામના સાથે કરે છે જ્યારે દેશભરમાં મંગળવારે વટસાવિત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.


જે અંતર્ગત ઈડર પંથક માં પરણિત મહિલાઓએ પતિના દીધાર્યુ માટે નકોરડો ઉપવાસ કરી વડની પૂજા અર્ચના કરી હતી. મહિલાઓએ વડ ની પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

### મહેસાણા જિલ્લાના ચુંટણી નિરીક્ષક તરીકે નિયુક્ત અધિકારી ડી.કે પટેલે ચુંટણીની કામગીરી બાબતે મુલાકાત લીધી

# ચૂંટણી નિરીક્ષકે ચૂંટણીલક્ષી કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બેઠકો કરી ચુંટણી કામગીરીની સમીક્ષા કરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૦

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહેસાણા જિલ્લાની ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજ્ય/ મધ્યસત્ર/ પેટા ચૂંટણી માટે ચૂંટણી નિરીક્ષક તરીકે શ્રી ડી.કે પટેલ ખાસ ફરજ પરના અધિકારીશ્રી, કમિશનરશ્રી ખાણ ખનીજની કચેરી ગાંધીનગરને નિયુકત કરવામાં આવ્યા છે.



આજરોજ રાજ્ય ચુંટણી આયોગ દ્વારા ગ્રામપંચાયતોની ચુંટણી સંદર્ભે મહેસાણા જિલ્લાના ચુંટણી નિરીક્ષક તરીકે નિયુક્ત અધિકારીશ્રી ડી.કે પટેલ, એડીશનલ કલેકટર અને ખાસ ફરજ પરના અધિકારી દ્વારા આગામી યોજાનાર ચુંટણીની કામગીરી બાબતે મહેસાણા જિલ્લાની મુલાકાત લીધી હતી.

ચૂંટણી નિરીક્ષકશ્રી ડી.કે. પટેલે મહેસાણા મામલતદાર (ગ્રામ્ય) કચેરી, ઉંઝા મામલતદાર કચેરી, વિસનગર પ્રાંત કચેરીની મુલાકાત લઈ મહેસાણા પ્રાંત અધિકારીશ્રી ઉર્વીશ વાળંદ અને વિસનગર પ્રાંત અધિકારીશ્રી દેવાંગ રાઠોડ તથા ચૂંટણીલક્ષી કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બેઠકો કરી ચુંટણી કામગીરીની સમીક્ષા કરી હતી.

### ૧૧૮૨ મતદાન મથકો પર ૧૦.૪૪ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે

# બનાસકાંઠામાં ૨૨ જૂને ૬૧૪ પંચાયતો માટે મતદાન, ૧૦.૪૪ લાખ મતદારો નિર્ણય કરશે

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૦

બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓની તૈયારીઓ પૂર્ણતાના આરે છે. જિલ્લાના ૧૪ તાલુકાની ૩૮૫ ગ્રામ પંચાયતો માટે સરપંચ પદની ચૂંટણી માટે ૧૮૪૦ ઉમેદવારો અને સભ્ય પદ માટે ૪૮૧૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.



પેટા ચૂંટણી અંતર્ગત ૨૭૯ ગ્રામ પંચાયતોમાં સરપંચના ૫૭ અને સભ્યોના ૧૫૧ ફોર્મ ભરાયા છે. કુલ ૬૧૪ ગ્રામ પંચાયતો માટે ૨૨ જૂનના રોજ મતદાન યોજાશે. આ ચૂંટણીમાં ૧૧૮૨ મતદાન મથકો પર ૧૦.૪૪ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

ચૂંટણી પ્રક્રિયા સુચારુ રીતે સંપન્ન કરવા માટે ૨૨૬૩ મતપેટીઓ ફાળવવામાં આવી છે. ૧૧૫ ચૂંટણી અધિકારી, ૧૧૫ મદદનીશ ચૂંટણી અધિકારી અને ૬૮૧૧ પોલિંગ સ્ટાફ ચૂંટણી દરમિયાન ફરજ બજાવશે. થરાદ તાલુકામાં સૌથી વધુ ૬૬ ગ્રામ પંચાયતોમાં ૪૧ સરપંચોની ચૂંટણી યોજાશે.

# હિંમતનગરમાં પ્લાસ્ટિકની ૨૧ દુકાનમાંથી ૧૪૩ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત, રૂપિયા ૧૧,૮૦૦નો દંડ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૦

હિંમતનગર નગરપાલિકાના આરોગ્ય વિભાગે સોમવારે શહેરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક વિરુદ્ધ વિશેષ ઝુંબેશ હાથ ધરી. આ દરમિયાન ૨૧ દુકાનો અને ચાની હોટલોની તપાસ કરવામાં આવી.

સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમ અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી.

ગાંધીનગર ઝોનના પ્રાદેશિક કમિશ્નરની સૂચના અનુસાર પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ હેઠળ આ વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

પાલિકા પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય અને ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી. મ્યુનિસિપલ સેનેટરી ઈન્સ્પેકટર બ્રિજેશભાઈ પટેલ અને આરોગ્ય વિભાગના સ્ટાફે તપાસ હાથ ધરી.તપાસ દરમિયાન કુલ ૧૪૩ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું.

આમાં ચાના કપ, પાણીના ગ્લાસ પેકેટના ૧૯ કાર્ટૂન અને ૧૦ પ્લાસ્ટિકની બેગનો સમાવેશ થાય છે. દુકાનદારો પાસેથી રૂ. ૧૧,૮૦૦નો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો.

# થરાદ તાલુકાના ખેંગારપુરામાં પાણીના પ્લાન્ટમાં ૨૮ વર્ષીય યુવકનો સંપમાંથી મૃતદેહ મળ્યો, એક બાળકના પિતા હતા

થરાદ તાલુકાના ખેંગારપુરા ગામમાં સીપુ પેજ-૧ પાણીના પ્લાન્ટમાં એક દુર્ઘટના સામે આવી છે. પ્લાન્ટના સંપમાંથી ૨૮ વર્ષીય યુવક ધીરાભાઈ હરજીભાઈ ઠાકોરનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતક ખેંગારપુરા ગામના રહેવાસી હતા અને એક બાળકના પિતા હતા.



મોડી સાંજે થરાદ નગરપાલિકા ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને કાર્યવાહી શરૂ કરી. ટીમે સંપમાંથી મૃતદેહને બહાર કાઢીને પરિવારજનો અને પોલીસને સોંપી દીધો. ફાયર ઓફિસર વિરમજી રાઠોડના જણાવ્યા અનુસાર, તેમની ટીમને કોલ મળતાં જ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ભારે જહેમત બાદ યુવકના મૃતદેહને સંપમાંથી બહાર કાઢવામાં આવ્યો. બનાવની જાણ થતાં ગ્રામજનો મોટી સંખ્યામાં પ્લાન્ટ ખાતે એકત્રિત થયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### વિજયનગરના સારોલી ખાતે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૦

પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વિસ્તારવા માટે ગુજરાત સરકારનાં આત્મા પ્રોજેકટ દ્વારા ગામે ગામે મિશન મોડમાં ખેડૂતોને તાલીમ આપવામાં આવી રહી છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના સારોલી ગામમાં પ્રાકૃતિક ખેતીનો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સાબરકાંઠા જિલ્લાના આત્મા પ્રોજેકટ દ્વારા ખેડૂતોને રાસાયણિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેના ફાયદા અને નુકસાન અંગે માહિતગાર કરી પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે આહવાન કર્યુ હતું.પ્રાકૃતિક ખેતી એ આજના સમયની તાતી જરૂરિયાત છે. પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા અનેક પ્રયાસો હાથ ધરાયા છે જેના પરિણામે આજે રાજ્યના અનેક ખેડૂતો આ ખેતી તરફ વળ્યા છે. તદન નજીવા ખર્ચે થતી પ્રાકૃતિક ખેતીના અનેક ફાયદાઓ છે. ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા માટે પ્રાકૃતિક ખેતીએ વિકલ્પ તરીકે ઉભરી આવેલ છે. રાજ્યમાં આગામી વર્ષોમાં વધુ વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ અનેક પ્રયાસો હાથ ધરાયા છે.

### અમિત ખૂંટ આપઘાત કેસમાં સગીરાએ ભરી અદાલતમાં કર્યો રહસ્યસ્ફોટ

રાજકોટ,તા.૧૦

રાજકોટના અમિત ખૂંટ આપઘાત કેસમાં હવે એક નવો અને ચોંકાવનારો વળાંક બહાર આવ્યો છે. આ કેસમાં જેના પર આક્ષેપ છે તે સગીરાએ JMFC કોર્ટમાં નિવેદન આપ્યું છે. સગીરાએ કોર્ટને જણાવ્યું કે, ''મારા પર દુષ્કર્મ થયું છે અને મારી સામે ખોટા આરોપ લગાવવામાં આવ્યા છે.

સગીરાએ વધુમાં એ પણ કહ્યું કે, હું નિર્દોષ છું અને પોલીસ મારું નિવેદન ઉચિત રીતે નથી લઈ રહી. આ સિવાય સગીરાએ કોર્ટને જણાવ્યું કે, તેને ખોટી રીતે ફસાવવામાં આવી રહી છે.'' તેણે વધુમાં આરોપ લગાવ્યો કે, જયરાજસિંહના માણસો દ્વારા સતત દબાણ કરવામાં આવતું હતું, જેથી તે મૌન રહી અને કઈ બોલી ન શકી.આ સાથે તેણે અનિરુદ્ધસિંહ જાડેજા, રાજદિપસિંહ જાડેજા, દિનેશ પાતર, રહિમ અને સંજય પંડિત જેવા વ્યક્તિઓને ખોટી રીતે ફસાવવામાં આવ્યા હોવાના આક્ષેપો કર્યા છે. સગીરાના વકીલે કોર્ટમાં આવેદન આપી જણાવ્યું છે કે, આ કેસમાં હવે એક અલગ ગુનો દાખલ કરવામાં આવે.

### પૂર્ણ રાજ્યનો દરજ્જો મેળવવો એ અમારા માટે મુખ્ય મુદ્દો છે, ફારુક અબ્દુલ્લા

જમ્મુ,તા.૧૦

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો મેળવવો એ તેમની પાર્ટીનો મુખ્ય મુદ્દો છે અને તે પ્રાપ્ત થાય ત્યાં સુધી ચાલુ રહેશે. તેમણે કહ્યું, 'રાજ્યનો દરજ્જો મેળવવો એ અમારા માટે એક મુદ્દો છે અને તે ક્યારેય સમાપ્ત થશે નહીં. અમે આશાવાદી છીએ કારણ કે અમને ફક્ત સંસદમાં જ નહીં પરંતુ સુપ્રીમ કોર્ટમાં પણ વચન આપવામાં આવ્યું છે.'

ફારુક અબ્દુલ્લાએ કહ્યું, 'લોકોને અમારી પાસેથી અપેક્ષાઓ છે અને જ્યાં સુધી અમને રાજ્યનો દરજ્જો નહીં મળે ત્યાં સુધી અમે તે અપેક્ષાઓ પૂર્ણ કરી શકતા નથી. અહીં પર્યટનની એક નવી કડી શરૂ કરવાની જરૂર છે. પર્યટનને પુનર્જીવિત કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.' તેમણે પર્યટન ઉદ્યોગને મજબૂત બનાવવા માટે નવા પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

### રાજકોટમાં કોરોનાના કેસમાં વધારો,૧૦૫ એક્ટિવ કેસ નોંધાયા, ૫૧ સારવાર હેઠળ

રાજકોટ,તા.૧૦

ગુજરાતમાં દિવસે દિવસે કોરોનાના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે રાજકોટમાં પણ કોરોનાના કેસ વધી રહ્યાં છે. કોરોનાના ૧૦૫ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૫૧ જેટલા દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. જો કે ૫૪ દર્દીઓ સાજા થઈ ગયા છે.

બીજી તરફ અમદાવાદમાં કોરોનાથી ૧૬ વર્ષની કિશોરીનું મોત થયું હોવાનું સામે આવ્યુ છે. કિશોરી ૪ જૂનથી સોલા હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી. કોરોનાની લાંબી સારવાર બાદ કિશોરીનું મોત થતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. સોલા હોસ્પિટલમાં કિશોરીને સારવારમાં રેમડેસીવીર અને ટોસીલીઝુમેબ આપ્યા બાદ પણ કિશોરીનું મોત નિપજ્યું છે.કોરોનાના કેસ આખા દેશમાં વધી રહ્યા છે. ત્યારે સાઈટ પર જણાવેલા આંકડા અનુસાર ગુજરાતમાં કુલ ૯૮૦ જેટલા કોરોનાના એક્ટિવ કેસ છે. જ્યારે ૧૫૮ જેટલા કોરોનાના કેસ નવા નોંધાયા છે. જો દેશની વાત કરીએ તો ૬૪૯૧ જેટલા એક્ટિવ કેસ છે. તેમાંથી ૬૮૬૧ લોકોને ડિસ્ચાર્જ કરાયા છે. રાજ્યમાં આજે કોરોના સંક્રમણથી કુલ ચાર લોકોના મોત થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧, જૂનાગઢમાં ૧, દેવભૂમિ દ્વારકા ૧ અને ભાવનગરમાં ૧ મોત સાથે કુલ ચાર લોકોના મોત થયા છે.રાજ્યમાં કુલ એક્ટિવ કેસની વાત કરીએ તો હાલ રાજ્યમાં કુલ ૬૧૦૯ કોરોનાના કુલ એક્ટિવ કેસ છે. ૧૪૨ લોકો વેન્ટિલેટર પર છે. ૫૯૬૭ લોકો સ્ટેબલ છે. ૮,૦૬,૧૯૩ લોકોને અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ કરવામાં આવી ચુક્યાં છે.

Volume : 11 Issue : 58 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002